॥ ૐ ॥

શ્રી લક્ષ્મીકાન્ત નાટક સમાજ.

વીર વિજય

નાટકનાં ગાયનો તથા ટુંક સાર.

છપાવી પ્રસિદ્ધ કરનાર
ચંદુલાલ હરગોવનદાસ શાહ.
માલેક—શ્રી લક્ષ્મીકાંત નાટક સમાજ.
હાલ મુકામ-સ્ટેશનરોડ સુર્યપ્રકાશ થીએટર સુરત.

સુરત ભાગાતળાવ રોડ ઉપર આવેલા ધી "ઈંડીયા"
પ્રીન્ટીંગ પ્રેસમાં કંચનલાલ ચુનીલાલે છાપી.

કીંમત ૪ આના.

तत्सत् परमात्मने नमः

વીર વિજય

નાટકનો ટુંક સાર તથા ગાયનો

છપાવી પ્રસિદ્ધ કરનાર

ચંદુલાલ હરગોવનદાસ શાહ

માલેક----શ્રી લક્ષ્મીકાન્ત નાટક સમાજ.

સ્ટેનશરોડ સુર્યપ્રકાશ થીએટર--સુરત.

સુરત ભાગાતળાવ રોડ ઉપર આવેલા ધી "ઈંડીયા" પ્રીન્ટીંગ
પ્રેસમા કંચનલાલ ચુનીલાલે છાપી.

સંવત ૧૯૭૬ | સન ૧૯૨૦

આવૃતી ૧લી | પ્રત ૩૦૦૦.

કીંમત ૪ આના

વીર વિજય નાટકના મુખ્ય પાત્રો

પુરૂષ પાત્રો.

પર્વતેશ્વર....ગ્રીક શહેનશાહના આશ્રયે થયેલો પંજાબપતિ

જયપાળ............ચંદ્રગઢના રાજા ધર્મપાળનો પુત્ર

ચંદ્રપાળ............તેનો ભત્રીજો, ચંદ્રગઢનો પાટવી કુમાર અને કમળાનો ભવિષ્યનો પતિ

સુરપાળ...........એક સ્વામી ભક્ત ક્ષત્રીવીર જયપાળનો મદદગાર

શ્રદ્ધાનંદસ્વામી.......દેશાભીમાનો સ્વધર્મ સુરત દેવી ઉપાસક સાધુ

વીરસીંહ............વિજયગઢનો પાટવી કુમાર

રામસીંહ............વીરસીંહનો કાકો

વીરકેતુ.............પંજાબપતિનો સેનાધ્યક્ષ

ગોદડશા...........ભોળા સ્વભાવનો ઘાંચી, ગંગાનો પતિ

ગરબડ..............તેનો દીકરો વિજળીનો પતિ

બારતશંખ......કાળાં ધોળાં કરનાર પ્રપંચી સાધક

સ્ત્રી પાત્રો.

પ્રભાવતી............પંજાબપતિની પુત્રી
કમળા..............રામસીંહની પુત્રી ચંદ્રપાળની ભવિષ્યની પત્ની
રાણી...............રામસીંહની પત્ની, કમળાની માતા
શીણીજી............એક દેવીભક્ત ચારણ કન્યા
દેવી.................માહા શક્તી
ગંગા................ગોદડશાની પ્રપંચી પત્ની (ઘાંચણ)
વિજળી.............ગરબડની સ્ત્રી, ગોદડશાની કુળવધુ

એ સિવાયઃ—સાહેલીઓ, દરબારીઓ, સૈનીકો છડીદાર, ચોપદાર, વારાંગના વીગેરે.

श्रीगणेशायनमः

વીર વિજય

નાટકનો ટુંક સાર.

અંક પહેલો.

પ્રારંભે—મંગળાચરણ—નાન્દી વસ્તુ સૂચન.

પ્રવેશ ૧ લો—સ્થળ ચંદ્રગઢ ભસ્મિભૂત:—

જયપાળનો પોતાની જન્મભૂમિના અવદશા જોઈને ખેદ. સ્વામી ભકત સુરપાળનું આશ્વાસન. અચાનક પંજાબપતી પર્વતેશ્વરનું આગમન પરસ્પર ઝપાઝપી સુરપાળ તથા અન્ય ક્ષત્રી વીરોએ આવી જયપાળને બચાવવો.

ટેબલો.

પ્રવેશ ૨ જો—સ્થળ—જંગલ:—

દેવી ઉપાસક બ્રહ્માનંદ સ્વામીનું ચંદ્રગઢનો નાશ થવા વિષે શોક જયપાળનું આવવું. બળહીણ થયેલા જયપાળનું આપઘાત કરવા તત્પર થવું. બ્રહ્માનંદ સ્વામીએ અટકાવવો જયપાળના ભત્રીજા ચંદ્રપાળના હાથે ચંદ્રગઢનો ઉદ્ધાર થશે એવો સંકેત કરી તેને મેળવવો, બાદ રક્ષણાર્થે વિજયગઢ જઈ ચહુઆણોના આશ્રયમાં રહેવાની સલાહ આપવી. ત્રણેની વીદાયગીરી.

પ્રવેશ ૩ જો–સ્થળ–રસ્તો:—

પ્રપંચી ભારતશંખનું આગમન. ગંગાનું દુધ વેચવા આવવું. પરસ્પર દુધના ભાવની પરપુછ થતાં પ્રેમ સંબંધ. ગોદડશાનું આવવું. કલાંક સ્ત્રી માટે કુહાપો. ગંગાને ઘર લઇ જવા સુચના ગંગાએ ભારતને સાધકના વેશમાં પોતાને ઘેર આવવા સુચના આપવી. ત્રણેનું જવું.

પ્રવેશ ૪ થો–દેવી મંદીર:—

બ્રહ્માનંદ સ્વામીનો પ્રજાને બોલાવી પોતાના દેશ માટે યુદ્ધ આરંભ માટે સમજાવવો ત્યાં પંજાબપતીના સરદાર વીરકેતુ જયપાળ મંદીરમાં છુપાયો છે, એમ ધારી આવે છે. ત્યાં પ્રજાજનોને એકઠા થયેલા જોઈ બ્રહ્માનંદપર ક્રોધે ભરાય છે. વીરકેતુ મંદીરમાં જવા ચ્હાય છે. બ્રહ્માનંદ તથા પ્રજાજનો તેને અટકાવે છે. ભયંકર યુદ્ધ થવા સંભવ, ત્યાં રાજકુંવરી પ્રભાવતી આવી અટકાવે છે.

—ટેબલો—

પ્રવેશ ૫ મો–પર્વતેશ્વરનો મહેલ:—

હજુ સુધી જયપાળ નહીં પકડાવાથી સૈનીકોપર ક્રોધે ભરાય છે. સૈનીકો તરફથી રાજકુંવરી પ્રભાવતી વચ્ચે પડી શત્રુનુ રક્ષણ કર્યું તે વાત જાહેર થાય છે પર્વતેશ્વર પ્રભાવતીને બોલાવી તેમ ન કરવા સમજાવે છે પ્રભાવતી, અનિતીના કાર્યમાં આડે આવવાની હઠ કરે છે. પર્વતેશ્વરનું ક્રોધમાં ચાલી જવું. પ્રભાવતીનો પોતાની અવસ્થા માટે શોક.

પ્રવેશ ૬ ઠો–બગીચો:—

રામસીંહની પુત્રી કમળાનો સખીઓ સાથે વિનોદ, અચાનક ચંદ્રપાળનું આગમન. બન્નેનો ગાઢ પ્રેમ ત્યાર બાદ રામસીંહ તથા

જયપાળનું પ્રવેશવું. પર્વતેશ્વરે સંધી માટે ચંદ્રગઢ બોલાવવા લખેલી પત્રીકાનો ખુલાસો કરી જવાની તૈયારી.

પ્રવેશ ૭ મો—ગોદડશાનું ઘર:—

ગંગાએ પોતાના ધણીને બ્હીવડાવી ભારતશંખ સાથે પોતાની મતલબ સાંધવા શકિાતર આવવાનો યોગ કરવો. ગરબડ તથા વિજળીનુ આવવું ચતુર વિજળીનું પોતાની સાસુના ચરીત્ર જોઈ ચેતવું. ભારતશંખનું સાધકના વેશે આવવું. ગોદડશા વિગેરેને દુર કરવા, સીસો વીગેરે લાવવા મોકલવો, બાદ ગંગા સાથે પ્રેમચેષ્ટા, ગોદડશાનું મંગાવેલી વસ્તુ લઈ આવવુ. ગંગાના ચરીત્ર પાછાં શરૂ થવાં. ભારતે શીસો ઉતારી કાળા સમુદ્રમાં ફેંકી આવવા કહેવું. શકિાતરનું ઉતરવુ. ભારતનું જતાં જતાં ગંગાને મઠમાં આવવાનો ઈસારો કરી જવું. મઠમાં જવા માટે ગંગાએ પાછો શકિતરાનો ઢોંગ કરવો. ગોદડશાનો ગભરાટ.

પ્રવેશ ૮ મો—છાવણીમાં પર્વતેશ્વરનો દરબાર:—

જયપાળ તથા રામસીંહ સાથે પર્વતેશ્વર પોતે ન્યાયી રાજા શાબિત થવા દંભની વાતો કરે છે, બન્ને સમજી જાય છે આહીં બોલાવવામાં પર્વતેશ્વરનો કંઈ ભેદ છે. એમ તેઓને સાફ સમજાય છે. બન્ને જણ રહામાં થાય છે, પર્વતેશ્વર તેમને કેદ કરવા હુકમ ફરમાવે છે, બ્રહ્માનંદ સ્વામી તથા ચંદ્રપાળ આવી તેઓને બચાવે છે. પરંતુ બ્રહ્માનંદ સ્વામી કેદ થાય છે.

—ટેબ્લો—

ડ્રોપ સીન.

અંક ૧ લો સમાપ્ત.

અંક બીજો.

પ્રવેશ ૧ લો–પંજાબનું કેદખાનું:—

બ્રહ્માનંદ સ્વામને કેદ કરી પર્વતેશ્વર તેમનો ઘાત કરવા તત્પર બને છે. ત્યાં રાજકુંવરી પ્રભાવતી વચ્ચે પડે છે, પર્વતેશ્વર તેને પણ મારવા ધસે છે, પણ વીરસીંહ બ્રહ્માનંદ સ્વામીના કેદ થવાની ખબર સાંભળી ચડી આવે છે. તેમના રક્ષણ માટે આવી બન્નેને બચાવે છે

પ્રવેશ ૨ જો-રાજ્ય મહાલય:—

રાજકુંવરી પ્રભાવતી વીરસીંહનું પરાક્રમ જોઈ તેના પ્રેમમાં લીન થઈ જાય છે. સખીઓ સાથે વિનોદ. પર્વતેશ્વરનું આવવું. વીરસીંહ સાથે લગ્ન કરવાની કુંવરીની માંગણી. પર્વતેશ્વરનું ક્રોધે ભરાવુ. પણ પાછળથી સમય સુચકતા વાપરી અમુક સમયને માટે ચહુઆણોને મિત્ર બનાવા ખાતર કુંવરીને વીરસીંહ સાથે પરણાવવા કબુલ થવુ.

પ્રવેશ ૩ જો–ગોદડશાનું ઘર:—

ગોદડશાનું આવવું. પોતાની સ્ત્રી ગંગાને બલા વળગી છે એમ જાણી અફસોસ કરવો. વિજળીનું આવવું. પોતાની સાસુ ઢોંગ કરે છે એમ જાણી શીકોતર આવે ત્યારે કુખમાં સોયો ઘોચવાની ગોદડશાને સલાહ આપી જવું. ગંગાનું આવવું. ઘરમાં વિંછી નીકળવો. ગોદડશાહે વીંછીને પકડી એક ડાબડામાં પુરવો,

ગંગા સાથે પરસ્પર વાદવિવાદ. ગંગાએ શક્તિતરના ઢોંગ કરવાં. ભારતશંખનું સાધકને વેશે આવવું કૃતિમ મંત્રાથી શક્તિતરને કાઢવું ગોદડશાહે સાધકને બદલામાં ડાબડામાંથી વેઢ લેવા કહેવું સાધક વેઢ લેતા ડાબડામાંથી વીંછીએ ડંખ મારવો, ગોદડશાનું મંત્રથી વીંછીને ઉતારવો ગોદડશાહે વાણીયા વિદ્યા વાપરી વીંછી કરડાવ્યો જેથી સાધકનું ક્રોધે ભરાઇ જવું, બાદ ગોદડશાનુ ખુશ થવું, બન્નેનુ જવું.

પ્રવેશ ૪ થો--યમુના તટઃ—

રાજકુંવરી પ્રભાવતી તથા વીરસીંહનુ હોડીમાં બેસી ફરવા આવવું. એકાંત જોઇ પ્રેમની માગણી કરવી, વીરસીંહ તેને વાઘ-મીંઆની સેવા સ્વીકારી તેના સહવાસમાં રહેલી હોવાથી તેની માંગણીનો અસ્વિકાર કરવો.

પ્રવેશ ૫ મો--રાજ્ય મહાલય:—

પર્વતેશ્વરે રામસીહ તથા વીરસીંહને બોલાવી કુંવરી સાથે લગ્ન કરવાની સુચના કરવી પોતાના કુળ ટેકને ખાતર એ વાત તેઓએ નામંજુર કરવી ભયંકર તકરાર.

પ્રવેશ ૬ ઠો—જયપાળનો બગીચો:—

વીરસીંહે પર્વતેશ્વરનો તિરસ્કાર કરવાથી પર્વતેશ્વર વિજયગઢ પર ચઢી ગયો છે, એવી ખબર પ્રહ્લાનદ સ્વામીને મળવાથી તેઓએ જયપાળ તથા ચંદ્રપાળને ચહુઆણોની મદદ માટે જવા કહેવું, જયપાળનું વિજયગઢ પોતાનું ચહુઆણોએ અપમાન કરેલું હોવાથી મદદ કરવા ના માટે કહેવું; પરંતુ ચંદ્રપાળનું મદદ માટે તૈયાર થવું.

પ્રવેશ ૭ મો–વિજયગઢનો કિલ્લો:—

પર્વતેશ્વરે પોતાના સરદાર વીરકેતુને રામસીંહ તથા વીરસીંહને લગ્ન માટે સમજાવવા મોકલવો રામસીંહ તથા વીરસીંહે તેનો તિરસ્કાર કરવો. પર્વતેશ્વરનો ક્રોધ, ભયંકર યુદ્ધ, રામસીંહ તથા વીરસીંહનું કેદ થવું.

ટેબલો.

પ્રવેશ ૮ મો–ગડબડનો રૂમ—

ગરબડની વહુ વિજળીનું પોતાની સાસુના ચરીત્ર વીશે અફસોસ કરવો. ભારતનું સાધકના વેશે આવવું, ગરબડને બહારથી આવતો જાણી સાધકનું ગભરાવવું વીજળીએ તેનો ઘાટ ઘડવા થાંભલા પેઠે હાથ બાંધી બ્હેરૂપ બનાવી ઉભો રાખવો, ગરબડનું આવવું, થાંભલા સાથે અઠડાવું, વીજળીએ તેને જાદુઇ પુતળી છે એમ કહી મારવા કહેવુ, માર પડતાં સાધકનું જાહેર થવું, ગોદડશા ગરબડ ના ઘરમાં રાત્રે બાર વાગ્યે શીકોતર મુકવા આવનાર છે એમ સાધકનુ સમજાવી છટકી જવું, પોતાનો બાપ પોતાના ઘરમાં શીકોતર મુકવા આવે તે વખતે માર મારવા નિશ્ચય કરી જાગતા સુઇ રહેવુ, ગોદડશાનું આવી ગરબડને સુતેલો જોઇ માથા ઉપરથી શીશો ઉતારતાં ગરબડે જાગ્રત થઇ ગોદડશાને મારવો, ગંગા વીજળીનું આવવું, પરસ્પરનાં કાવત્રાંનો ખુલાશો, સર્વનું જવું.

પ્રવેશ ૯ મો--પર્વતેશ્વરની છાવણી—

પર્વતેશ્વર વીરસિંહને સમજાવે છે. અડગનિશ્ચયી વીરસીંહ પોતાનુ ગૌરવ ઝળકાવવા અને ટેકને સાચવવા પોતાની દેહનો

ત્યાગ કરે છે. પવતેશ્વર ક્રોધે ભરાઇ તેનું માથું કપાવે છે વ્યાકુળ થયેલી પ્રભાવતી આવે છે અને વીરસીંહના કપાયલાં માંથાને વરમાળ પહેરાવવા તૈયાર થાય છે. માંથુ અવળું ફરે છે, પરંતુ રાજકુંવરીના સતીત્વના પ્રભાવે માંથુ કુંવરી તરફ ફરે છે, અને વરમાળા પહેરાવી માંથાને ખોળામાં લઇ ચીતામાં બળી મરી પોતાનું સતીત્વ પ્રત્યક્ષ બતાવે છે.

ટેબલો.

ડ્રોપસીન.

અંક બીજો સમાપ્ત.

અંક ત્રીજો.

પ્રવેશ ૧ લો-જોગણીયોનું સ્થાન—

રામસીંહને શંણીજીની કૃપા વડે દેવી ખડગ મળે છે.

પ્રવેશ ૨ જો-પર્વતેશ્વરનો મહેલ—

પર્વતેશ્વરને દેવી તરફથી સ્વપ્ન થયેલું હોવાને લીધે તે રામસીંહને ચંદ્રગઢ સોંપે છે.

પ્રવેશ ૩ જો-જયપાળનો બગીચો—

જયપાળ આળસુ હોવાથી બ્રહ્માનંદ સ્વામી તેને બહુજ ઠપકો આપે છે, જયપાળ તથા ચંદ્રપાળ ચંદ્રગઢનો ઉદ્ધાર કરવા તૈયાર થાય છે, પરંતુ ચંદ્રગઢથી દેવી ખડગ લઇ આવવાની બ્રહ્માનંદ સ્વામીની સુચના ચંદ્રપાળ તે લઈ આવવા તત્પર બને છે.

પ્રવેશ ૪ થો-કમળાનો બગીચો—

ચંદ્રપાળ કમળા પાસે આવી દેવી ખડગ જોવા માગે છે, કમળા લાવી આપે છે, ચંદ્રપાળ જાસુસને આપે છે, જાસુસ લઈ છટકી જાય છે, બાદ રાણી તથા રામસીંહ આવે છે, રામસીંહ ચંદ્રપાળને શત્રુ માની તેના ઉપર ક્રોધે ભરાય છે અને દીકરીને નહી મોકલવાની હુજજત કરે છે, રાણી તેની વીરૂદ્ધ થઇ ચંદ્રપાળ સાથે કમળાને મોકલી દે છે, એક હજુરી ગભરાટમાં આવી દેવી ખડગ ગુમ થવાના સમાચાર આપે છે, રાણી ઉપર રામસીંહનો ક્રોધ.

—ટેબલો—

પ્રવેશ ૫ મો–ગોહડશાનું ઘર—

વીજળીનું પ્રવેશી પોતાની સાસુ ગંગાના ચરીત્ર જાહેર કરવા ની યુક્તી ગોઠવવી, બાદ ગંગાનું આવવું, તેને સાધક પોતાના ઘરમાં પરસ્ત્રીને લાવે છે એમ જણાવવું, ગંગાનું ઉશ્કેરાવવું, નજરે નજર દેખાડી આપવાનુ વીજળીએ કહી ગગાને સતાડવી, ગોહડશા નું આવવું, તેને ગંગાના ચરીત્ર નજરેનજર દેખાડી આપી ખાત્રી કરાવવા ગગાના લુગડાં પહેરાવી બેસાડવો, બાદ જવું, સાધકનું આવવું, ગોહડશાને ગંગાના લુગડામાં જોઈ ગગાજ છે એમ સમજી પ્રેમચેષ્ટા કરવી, વીજળીનું ગગાને લાવી બતાવવું, ગંગાનો ક્રોધ, ગોહડશાનું જાહેર થવું, સાધક અને ગંગાના ચરીત્રો જાહેર થાય છે.

પ્રવેશ ૬ ઠો–સંગ્રામભુમી—

ગહુઆણો તથા રાહોડનું સામસામા યુદ્ધ, ચંદ્રપાળ હસ્તે રામસીંહ કેદ.

પ્રવેશ ૭ મો–દરબાર—

રાહોડનો વિજય, રાહોડ કુલ દીપક ચંદ્રપાળને પ્રધાન દરવામીને હાથે રાજ્યાભિષેક, રામસીંહ બંધનમુકત, સત્યનો જય અને દેશ ભકત વીરનો વિજય.

શાન્તિ, શાન્તિ, શાન્તિ.

અંક ૩ જો સમાપ્ત.

॥ ॐ ॥

વીર વિજય

નાટકનાં ગાયનો.

(મંગળાચરણ.)

સૂત્રધાર—શ્રીવર શ્યામ તું, પુરણ કામ તું.
જય લલામ, વિશ્વધામ પ્રણમુ—
વિશ્વાધાર, વિપદહાર,
પ્રણતપાળ, કર ઉદ્ધાર,
વિનંતી કરૂં કર જોડી....શ્રી વર૦

બાળાઓ— ૨

આજ આર્યભૂમીનું ગૌરવ વિસ્તારીએ,
નેકી ટેકી વીરલાના યશને સંભારીએ,
હર્ષને વધારીએ, તનમન ધન વારીએ.—નેકી૦
જેણે જન્મ ભૂમીના, રક્ષણને કારણે,
કષ્ટ સહ્યાં ટેક ધારી, કીર્તિ સંભારણે—નેકી૦

બ્રહ્માનંદ— ૨

અમારૂં નાવરે પ્રભુજી તારજો હોજી—
દુશ્મન દરીયો ઉલટયો, નાવ ઝોલાં ખાય,
વીરલો સૂકાની કોઈના દીસે, કિનારા નહિ જણાય—
ભાગ્ય રવી વાદળ છુપ્યો, ઘોર થયો અંધકાર,
કરૂણા કરીને જગદીશ્વરા, કરજો દેશ ઉદ્ધાર—

બ્રહ્માનંદ— ૩

અશીકર ધરી હૃદય પ્રીત ધરી, જો આણી મસ્ત બની
સર્વોપરી ભારતની તા ઠકરાત તણી જ્યો વધા વગી
છોડતા નવ ધર્મ નિતિ, ન્યાય પંથે પડી ફરી
અકયતાના બીજ વાવો, આર્ય બંધુ સૌ હળી મળી
હારશો ના કોઇ હિમ્મત, પ્રાણની પરવાજ કરી
દેશ સેવા સ્વતંત્રતાના, ચાખો મેળા ધરી, ધરી
વગર કારણે દુભાવશો ના હૃદય કોઇના દળી દળી
સંપ રાખજો સદા સર્વદા, સ્હાય થશે શ્રી હરી હરી—૦

ગંગા— ૪

ગોરી ગંગાના દુધ ગોરાં ગોરાં
કોઇ હ્યોરે મીઠડું આ દુધ
સોના રૂપાનાં મારે બેડલાંરે
ગંગા પંકાતી નામે ગામમાંરે
મૂખડું મમ ખીલતું જેમ કુમુદ—કોઇ૦

યોવન કળીઓ આ વિકાસી
ધણી મળ્યો સત્યાનાસી
પેટ ગાગરસમ મોટું, મોટું ફુટેલું લોટું
માફે માથે આ દુખ મોટું—કોઈ૦

ગોદડશા-ગંગા-ભારતશંખ—પ

ચાલો મારી મનગમતી ગંગા—
પાવન તેં કીધા હું જેવા એશાવન-ઓ મન૦
ગુણનો ગુલામ, તન જોતાં હુલામ
કાંઈ સુઝે ન કામ ઘર ચાલોને આગા
મુકો હાલો દમાંમ ધર્યું ગોદડશા નામ
પણ કહે આખું ગામ ઘર ચાલોને આંમ
હેં હેં હેં હેં હેં હેં હેં
કરૂં ગોદડશા કાકાના ઘરમાં મુકામ
મીઠી તાડી ને વિલાતી બોતલ હું મંગાવું
સો ટચના સોના જેવી તું ગંગાને પીવરાવું
મારો મુકોને હાથ, હવે ચાલો જરા આમ--મારી મન૦

પ્રભાવતી— ૬

આ શી અભાગી જીવડા ગુમાની ધરે;
ગુમાની ધરે, દીલમાં નહિં રે ડરે—
રાજને તાજ ધારી, ધરે જે ખુમારી,
વીદારી દયા, જે જુલ્મી કામો કરે—

આલમ ફના આ જોબન, તન-ધન ફના છે;
ફના તણી ફુલવાડીમાં ફુલ્યો શું ફરે—

સખીઓ અને કમળા— ૭

ધીમેથી ચાલો ચંદા આ, લંક જો લચકાશે,
નવ લોચન નીચાં ઢાળ આ, લજ્જા સરકી જાશે—
આ સજની કામણગારાં, સંતાડ મોતી તારાં;
લુટાશે મન હરનારાં, છે હંસને એ પ્યારાં—
કયાં પ્રેમ મોતીની માળા, એ જાણ્યા તારા ચાળા;
શાને શરમાવો બાળા, એ મન્મથના ઉછાળા—

કમળા અને ચંદ્રપાળ— ૮

મારા પ્રાણ, ભોળાં દીલડાંને સંસારને
સ્નેહગ્રંથી ન છુટે, કો ધારે........
હૃદયના તાર કસી, બાંધી લ્યો હૃદય વસી,
તમપર જાઉં વારી, છો તું દારા અમારી,
હું અનાથ, થઇ સનાથ, ઝાલી હાથ,
રાખો સાથ..............................પ્રેમમાં.

ગંગા-ભારતશાંપ— ૯

હાંરે હું તો જોગણ બનુ તારા કારણે
હું તો વારણે ઓવારણે
હું જાઉં ઉભી ઉભી વ્હાલા તારા બારણે

મારૂં દીલડું ચકોરી ત્હેં ચોરી લીધું
પ્રેમ ચાંચે આ ચિત્તડાનું અમૃત પીધું
મન ચિત્ત હરનારા કરૂં ન્યારા પ્યારા
નપળ પણ કદી આ નયનથી—૦

ગોદડશા-ગંગા— ૧૦

જો જો ભૂતની ભવાઈ, મારા ઘરમાં આ નવાઇ
મને ખાવા આવે ધાઇ, એને જોતાં આવે વાઇ
વંઠેલી ડાકણ હું વળગી મશાંણુથી
હાર્યો ભાઈ હાર્યો તું ડાકણ મોંકાંણુથી
તને ખાઉં ખાઉં ખાઉં
અરે હાય હાય હાય
મારા નાજુક કલેવરને કયાં હું છુપાવું
જોજો ભાઈ કળયુગની નારી
ખાય જલેબી ઘુઘરા ધારી
આપ પતિ રાખે વશ મારી
પરનર ભાળી કરતી યારી
તને ખાઊં ખાઊં ખાઊં
અરે હાય હાય હાય—મારા૦

વારાંગના— ૧૧

આંખે કહેકે દિલહીને, હમકો કીયા ખરાબ
ઔર દિલ કહેકે આંખોંને મુઝકો ડુબા દીયા

બીગડા કીસીકા કુચ્છ ન મગર, હાયે મુક્તમે
દોનોકી જીહત ખાકમે મુઝકો મીલા દીયા
ડાલ ગલે બૈયાં, મંય રોએ રોએ જાનીયા
ઉંચી અટરિયા પીયા બુલાવે પતલી કમરિયા સોબલખાવે
થક થક ગઇયાં મંય રોએ રોએ જાનીયાં
જોરાજોરી ઘુંઘટ લાકે જોબન રસ લુટે ગલ લાકે
લખલખ કઇયાં મંય રોએ રોએ જાનીયાં

— ડ્રોપ પહેલો —



અંક ૨ જો

પ્રમાનંદ— ૧૨

હર તું એક આધાર
વિનતિ ધાર હૃદય આપ અભય—
શંકર હું તો આપ શરણુ
અરપણુ મમ શરીર આ, અઘહરણુ ચરણુમાં
દુઃખહાર, વિશ્વધાર, ઈશ્વરા ઉગાર—

પ્રભાવતી— ૧૩

કોઇ મારા પ્રીતમને, આ સંદેશો કહાવજો—
મદન શરોની શૈય્યા, કફની કૌમાર કેરી,
તમારા વિના મેં પહેરી, હવે તો નિભાવજો—
વિયોગ પ્રજાળે બાળા, કામ ધુણીની કાયા,
લાગી તમારી માયા, દયા કંઇક લાવજો—
ઝુરીને મરીશું અંતે, પૂર્વનાં પાપ જેવા,
તમે તે તમાશા જોવા, જરૂરજ આવજો—

પ્રભાવતી— ૧૪

આલી આજે મળશે મોહનવર તમને
ભાવે ભેટજો રસીક એ પ્રીતમને—

માંડી આશી ઘેલાઇ, હારી તમથી બાઈ,
હું છેક છું અજાણી, ત્યો પ્રેમ મંત્ર એ જાણી
હારી હવે જાવ જાવ, બ્હેની જરા ધીરાં થાવ—

ગોદડશા-ગંગા— ૧૫

આજે દિવાળી ચાલો કરીએ ઉજાણી પ્રાણ
ખટરસ ભોજનીયાં બનાવીએ
ખીસ્સાં ખાલી તમામ પૈસામાં છે બદામ
ક્યાંથી ગંગાબાઇ મંગાવીએ
લાવો મોટર જાન જીગર
ગામ ગટર ટળને આંખ—૦
સોનુ સો તોલા લઈ આવોને કામ છે
સોનાની કાકી તું પિતળ તમામ છે
પૈસા લાવો મારે જાવું બજાર છે
પૈસામાં પથ્થર તું વંઠેલી નાર છે—લાવો૦

પ્રભાવતી— ૧૬

સાચી પ્રીતિ જગમાં જુજ જણાય-
મિત્ર જુવો આ કમળ મનોહર,
જળનું થયું તે સ્નેહી સહોદર
જળ સૂકેજ સૂકાય...............
કાષ્ટ કોરે તે ભ્રમર કમળમાં,
પૂરાઇ તજે છે પ્રાણજ પળમાં,
એજ પ્રીતિ કહેવાય...........

પ્રભાવતી-વીરસીંહ— ૧૭

સાંવરીયાં તું છે પ્રાણ આધાર
તનધન જોબનનો તું સરદાર—
ધર્મ અધીક હું પ્રાણથી માનું,
જીવન તુંજ વીણ સર્વ નકામું
તું શિરનો શણગાર...........

બ્રહ્માનંદ— ૧૮

તમોને જો તમારાથી, તમારો દેશ પ્યારો છે,
ન તજશો ધર્મ નીતિ તો, વિજય અંતે થનારો છે—
હશે જો સંપને સમતા, વળી કર્તવ્યને હિમ્મત,
તમારા ભાગ્યનો આખર, ચમકવાનો સિતારો છે—
જશે એ રાત અંધારી, ચમકતાં શૌર્યનો ભાનું,
ઝુકો યાહોમ કરી રણમાં, વિજય ડંકો તમારો છે—

વીજળી— ૧૯

મધુરી હું મદઘેલી નાર
જોઇ તમ ઉપવનની બ્હાર
મધુકર ઉડે અપરંમપાર—મધુરી.
પરણ્યો પીટયો મળ્યો ભૂલકણો
થાતી જોબન ભરતી
રહેતી નીરંતર પીડા કરતી
મદમાતી થઇ ફરતી—મધુરી.

ઓદડશા-- ૨૦

નવરા નખ્ખોદ વાળેરે, ભાઇ એવા નવરા નખ્ખોદ વાળે
ખુણે બેસી ખણુખોદ કરીને કઇના પાટીયાં ઢાળે--
છેટે રહીને દીવાસળી ચાંપે, ઇતો પારકાનાં ઘર બાળે
વૈરીની ગાળો ખાવા ખતીલા થઈ એને ચીડને કાંકરી ચોળે
એવા નવરાઓની સોગત રાખે, ઇતો માથે ઓઢી મોં બાળે--

ગરબડ-વાજળી-- ૨૧

ચાલો મારા લટકાળા મોહનલાલ
હાય મારૂં હેયું તું કરતી હલાલ
ચીત્ત મારૂં ચીરતી તું ચખ્ખુથી
ચરર ચરર છરર છરર
અરર અરર શરકું થરર હાય--
રંગીલા ફુલાડાં ખીલ્યાં જોબનનાં
રસીક રમણુ ડીચર ભ્રમર આં--
કરમાંયા ફુલડાં બાવળના કાંટા
પેહેલે નંબર વીંધે જીગર
સરર સરર ભૂકો ભરર હાય--

ડ્રોપ બીજો

અંક ત્રીજો

માહશક્તી—   22

કરશે તમારૂં કલ્યાણ ખડગ મમ જાળવજો શીર સાટે
સબંધી જનો પણ ... મ... કરવા ન કોઇ ... વિશ્વાસ—
વિજય થશે અંતે ખડગ પ્રતાપે જાશે નવપર નર કેરે હાથ
શીખાગણુ ઉરમાં ધરો એ માટે—કરશે.

કમળા—   23

લગાડી મોહની દીલની, મને વ્હાલે વીસારી છે—
... ..., કપાતાં કાળજાં કુણાં,
તૂટી દીલની લગામો તો, પછી બુરી બીમારી છે.—
થ... ના ... હવા વ્હાલા, કરી ઘાયલ જીગર મારૂં,
થશે ચુરા જીગરના તો, ગુન્હેગારી તમારી છે.—
ગુન્હા લાખો હશે મારા, દિલાવર તે છતાં પ્યારા,
દીવાની પર દયા લાવો, વિનંતી એ અમારી છે.—

કમળા—   24

જુવોને પિતા વિચારી, જન્મથી નારી બિચારી,
પરતંત્રતા ભોગવનારી;

માતપિતાની આજ્ઞામાં રહી, થઇ દીકરી મોટી,
પરણાવી પરનરને સોંપે, એ વાત નથી કંઇ ખોટી—
ગ્રહુણી ઘર સંભાળી રાખે, પતિ વચન શીર ધારી,
ગાય દીકરી મરેલીને, શું કરો પિતાજી મારી—

૨૫

ગંગા--ગોદડશા-ગરબડ--ભારત--વિજળી—

ચાલ ચાલ થઇ જા તઇયાર, ભૂલ્યો હું છોડો સરદાર
ચાખો મજા તો લગાર, માફ કરો મારો ન માર,
રહ્યા ઠીક સજા થઇ, મારી અકકલ મરી ગઇ,
ચાલો સરકારમાં લઈ, જોવા જેવી મજા રહી.--
હું ભુલ્યો જોશી બાવા, જા ઝાંઝરીયા ખખડાવવા,
હુત તારૂં જાય...........

— ડ્રોપ —ત્રીજો.

સમાપ્ત

જાહેર ખબર.

નીચે લખેલાં પુસ્તકો શ્રી લક્ષ્મી કાન્ત નાટક સમાજનો મુકામ જ્યા હોય ત્યાંથી રોકડી કીંમતે મળશે, વી૦ પી૦ થી મોકલવામાં આવશે નહીં.

૧	દાનવી માયા નાટકનાં ગાયનો		૦–૪–૦
૨	સૂર્યકાન્ત	,, ,,	૦–૪–૦
૩	ઓડાણો	,, ,,	૦–૪–૦
૪	સુધા ચંદ્રિકા	,, ,,	૦–૪–૦
૫	પ્રેમ સંહાર	,, ,,	૦–૪–૦
૬	પાવાગઢનો પ્રલય	,,	૦–૪–૦
૭	શંકરાચાર્ય	,, ,,	૦–૪–૦
૮	શકુંતલા	,, ,,	૦–૪–૦
૯	વીર કુણાલ	,, ,,	૦–૪–૦
૧૦	કુસુમચંદ્ર	,,	૦–૪–૦

શ્રી લક્ષ્મીકાન્ત નાટક સમાજ.